# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### વૈશાલી ગરનાળાની કામગીરીમાં ગટરના પાણી ઉભરાતા કોન્ટ્રાક્ટર અને શ્રમિકો મુશ્કેલીમાં મુકાયા

# નડિયાદમાં ઉભરાતી ગટરથી વૈશાલી ગરનાળું પહોળુ કરવાનું કામ ટલ્લે ચડ્યું

**રહેણાંક વિસ્તારની** ગટરો ચોકઅપ થતા દૂષિત પાણી સાઈટ સુધી પહોંચી રહ્યા છે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.20

વૈશાલી ગરનાળાના નિર્માણ કાર્યમાં ગટરના ગંદા પાણી અવરોધરૂપ બની રહ્યા છે. રહેણાંક વિસ્તારમાંથી ઉભરાઈને આવતા પાણી સીધા કામગીરીની સાઈટ પર જમા થઈ રહ્યા હોવાથી કોન્ટ્રાક્ટરને વારંવાર કામ અટકાવવાની ફરજ પડી રહી છે. મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓની સતત વિઝીટ છતાં આ પ્રશ્ન ઠેરના ઠેર રહેતા સ્થાનિકો અને કામદારોમાં રોષ જોવા મળી રહ્યો છે.

નડિયાદના વૈશાલી ગરનાળાની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે પરંતુ તેમાં ગટરના પાણીનું વિઘ્ન નડતરરૂપ બની રહ્યું છે. ગરનાળાની આસપાસ આવેલા રહેણાંક વિસ્તારોની ગટરો વારંવાર ઉભરાઈ રહી છે અને આ ગંદુ પાણી ઢાળને કારણે સીધું ગરનાળાના ખોદકામ વાળી સાઈટ સુધી પહોંચી જાય છે. આ સ્થિતિને કારણે ત્યાં રાખવામાં આવેલા મશીનો અને અન્ય સાધનોના સંચાલનમાં મુશ્કેલી પડી રહી છે. કોન્ટ્રાક્ટર દ્વારા મળતી વિગતો મુજબ ગટરના



પાણી ભરાઈ જવાને કારણે સપ્તાહમાં 5 દિવસ જેટલો સમય કામગીરી ખોરંભે ચઢે છે. જેના કારણે નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવું અશક્ય બની રહ્યું છે. આ ગંભીર પ્રશ્ન અંગે ઉચ્ચ પદાધિકારીઓ દ્વારા અનેકવાર સ્થળ મુલાકાત લેવામાં આવી છે. મનપાના તકનીકી અધિકારીઓ પણ સમયાંતરે સ્થળ પર જઈને સ્થિતિનું આકલન કરી રહ્યા છે. તેમ છતાં ગટરના પાણી ઉભરાવવાની સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું છે. જ્યારે પણ કામ શરૂ કરવામાં આવે છે ત્યારે ગટરનું પાણી ફરી વળતા શ્રમિકોને પણ ગંદકીમાં કામ કરવાની ફરજ પડે છે અથવા તો પાણી સુકાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. મનપા પ્રશાસન દ્વારા ડ્રેનેજ લાઈનની સફાઈ કે વૈકલ્પિક વ્યવસ્થા કરી આ પ્રશ્નનું તાકીદે કાયમી નિરાકરણ લાવવામાં આવે તેવી માંગણી કરવામાં આવી રહી છે જેથી ગરનાળાની કામગીરી અવરોધ વિના પૂર્ણ થઈ શકે.

### ખેતરમાં રાત રોકાવવા ગયેલા યુવકની બીજા દિવસે લાશ મળી

# લુણાવાડા : તિક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી યુવકની હત્યા કરાઈ

**ખેતરને પશુ ભગાડવા** ગયેલા યુવકને રહેસી નખાયો

(પ્રતિનિધિ) લુણાવાડા તા. 20

લુણાવાડા સાતલાવ ગામની સીમમાં ખોડા આંબા માયનોર કેનાલ રસ્તાની બાજુમાં યુવકની તીક્ષણ હથિયારો વડે હત્યા કરેલી લાશ મળી હતી.જે અંગે લુણાવાડા પોલીસે ફરીયાદ નોંધી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સમીરભાઈ જયંતિભાઈ પટેલ 18-12-2025 ના રોજ જમી પરવારીને ભુંડ અને નીલગાયોને ભગાડવા માટે ટેંબા વાળા ખેતર તરફ ગયેલ હતા..જો કે બીજે દિવસે સમીરભાઈ સવારે ઘરે ન આવતા તેમના પિતા જયંતિભાઈ ખેતરે દોડયા હતા.. તે સ્થિતિમાં ખેતર તેમનો ખાટલો ખાલી હતો..અને સમીરભાઈ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો હતો.જેથી સમીરભાઈના પિતા જયંતિભાઈએ કૌટુબિક માણસોને બોલાવી સમીરભાઈને ગોતવાની કવાયત ચલાવી હતી.ત્યારે ખોડા આંબા માયનોર કેનાલ પાસે રાયજીભાઈ વાલજીભાઈ પટેલના ખેતર પાસે કેનાલની બાજુમાં આવેલ કાચા રસ્તાની બાજુમાં સમીર મૃત હાલતમાં પડેલો હતો.તેનો માથાનો ભાગ લોહી લુહાણ હતો.તે સાથે તેની ડાબી આખની બાજુમાં ઘા વાગ્યો હોવાનું નિશાન હતુ.. વળી માથાના પાછળના ભાગે અને મોઢાના ભાગે કોઈ ઘાતક હથિયાર વડે મોત નીપજાવેલ હોવાનું જણાઈ આવતુ હતુ.. તો સમીરનો મોબાઈલ પણ કોઈ ઘાતક હથિયાર વડે તોડી નાખવામાં આવ્યો હતો..ત્યારે સમગ્ર હત્યા મામલે મૃતકના પિતરાઈ ભાઈ કંચનભાઈ પેટેલે હત્યા કરનાર અજાણ્યા ઈસમ સામે ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

આ ઘટનાના પગલે લુણાવાડા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. ખેતરમાં ભૂંડ અને નિલગાયથી પાકનું રક્ષણ કરવા ગયેલા યુવકને અજાણ્યા શખસોએ ક્રૂરતાપૂર્વક રહેંસી નાંખ્યો હતો. આ હત્યા પાછળ લૂંટ ? અંગત અદાવત કે અન્ય કોઈ કારણ ? સંદર્ભે પોલીસ દ્વારા વિવિધ ટીમ બનાવી તપાસ હાથ ધરવામાં આવી છે.

# આણંદમાં નશાનો વેપલો ચાર વેપાર સામે કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ, તા. 20

આણંદ પંથકમાં ગોગોપેપર ફુકાવનારાઓને પકડવા માટે પોલીસની છાપમારીઓ અવિરત છે.ત્યારે વધુ ચાર જગ્યાઓ પરથી ચાર જેટલા ગુનાખોરોને પોલીસે હાથ કરી લીધા હતા.

આણંદ પંથકમાં ગોગોપેપરનો નશાકીય વેપલો વણથંભ્યો છે.પોલીસની સઘન કામગિરી અને છાપામારી પછી પણ નશાના કારોબારીઓ સરેઆમ પકડાઈ રહ્યાં છે.આણંદ લાંભવેલ ચોકડી નજીકના કબીર આર્કેડ કોમ્પલેક્ષમાં આવેલ સંતરામ પાનની દુકાનમાંથી ગોગો પેપર સ્મોકીંગ કોન નંગ.15 કિમંત રૂ.525 નો નશાખોરીનો માલસામાન પકડાયો હતો. જે અંગે પોલીસે દુકાનદાર શિવમભાઈ પરેશભાઈ પટેલ રહે.આણંદ સામે ફરીયાદ નોંધી ગુન્હો દાખલ કર્યો હતો.ઉમરેઠ પણસોરા ચોકડીએ આવેલ એકતા પાન કોર્નરમાં પણ ગોગો પેપરની કાળી કરતુત પકડાઈ હતી..જેમા પોલીસે કુલ્લે 890 ના નશાકીય માલસામાન સાથે ગુનાખોર ઈલ્યાસભાઈ મહમંદભાઈ વોરાને દબોચી પાડયો હતો.આણંદ સોલાપુરા ચોકડીએ આવેલ દ્વારકાધીશ કોર્નરમાં પણ નશાનું કારસ્તાન પકડાયુ હતુ.જે અંગે પોલીસે 960 ના મુદામાલ સાથે પકડાયેલ ઈસમ નિકુલસિંહ જગદીશભાઈ ચૌહાણ વિરૂધ્ધ ફરીયાદ નોંધી હતી.ખંભાત લાલ દરવાજા સર્કલ બોબી પાન પાર્લરમાં પણ નશાનો વેપલો ધમધમતો હતો. તે સ્થિતિમાં પોલીસ રેડમાં ગોગો પેપર નંગ.14 સહિત રૂ.140નો નશાકારક જથ્થો પકડાયો હતો. જે અંગે પોલીસે પકડાયેલ ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધી કાયદાકીય કાર્યવાહી ચલાવી હતી.

# રામોલ ગામમાં લાખોના ખર્ચે બનેલું પેટા આરોગ્ય કેન્દ્ર ધૂળ ખાઈ રહ્યું છે

**હાલમાં આરોગ્ય** કર્મચારીઓ ખાનગી ટ્રસ્ટના મકાનમાં બેસી કામ કરવા મજબૂર બન્યા છે

(પ્રતિનિધિ)નડિયાદ, તા.20

ખેડા જિલ્લાના વસો તાલુકાના રામોલ ગામમાં સરકાર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે આરોગ્ય લક્ષી સેવાઓ પૂરી પાડવા પેટા આરોગ્ય કેન્દ્ર આયુષ્યમાન ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મકાન છ મહિનાથી તૈયાર થઈને ઊભું છે. પરંતુ તંત્રની ઉદાસીનતાને કારણે હજુ સુધી તેનું લોકાર્પણ કરવામાં આવ્યું નથી, જેના કારણે આ આધુનિક મકાન હાલ ધૂળ ખાઈ રહ્યું છે. ત્યારે આ નવા મકાનનું વહેલી તકે લોકાર્પણ કરવા ગ્રામજનો માંથી માંગણી ઉઠવા પામી છે.

વસો તાલુકાના રામોલ ગામમાં પેટા આરોગ્ય કેન્દ્રનું મકાન જર્જરીત હાલતમાં હોય આરોગ્ય તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચ સુવિધા સજ્જ આયુષ્યમાન ભવનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ મકાનનું કામ સંપૂર્ણપણે પૂરું થઈ ગયું છે તેમજ રંગ રોગાન પણ થઈ ગયું છે. પરંતુ નવનિર્મિત મકાનનું ઉદ્ઘાટન ન થતા તેને ખંભાતી તાળા લટકી રહ્યા છે. બીજી બાજુ ફિમેલ હેલ્થવર્કર, એમ પીએચડબલ્યુ કર્મચારી તેમજ આશા વર્કરો ગામમાં આવેલ ખાનગી ટ્રસ્ટના મકાનમાં બેસી



આરોગ્ય લક્ષી કામગીરી કરી રહ્યા છે. લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ પેટા આરોગ્ય કેન્દ્ર આયુષ્યમાન ભવનનું ઉદઘાટન લોકાર્પણ કરવામાં સત્તાધીશો ભારે ઉદાસીનતા દાખવી રહ્યા છે. ત્યારે રાજકીય નેતાઓ કે ઉચ્ચ અધિકારીઓ વહેલી તકે આયુષ્યમાન ભવન પેટા આરોગ્ય કેન્દ્રના મકાનનું લોકાર્પણ કરવા ગ્રામજનોમાંથી માંગણી ઉઠવા પામી છે.

# ખેડા જિલ્લામાં 4 સ્થળેથી સ્મોકિંગ કોન પકડાયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.20

ખેડા જિલ્લામાં ચાર સ્થળેથી પોલીસે પાન પાર્લર તેમજ અનાજ કરિયાણાની દુકાન પર રેડ પાડી સ્મોકિંગ કોન તેમજ રોલિંગ પેપર વેચતા દુકાનદારોને ઝડપી પાડ્યા હતા. આ બનાવ અંગે જે તે પોલીસ મથકમાં દુકાનદાર વ્યાપારી સામે જાહેરનામાના ભંગનો ગુનો નોંધવામાં આવ્યો છે.

નડિયાદ પશ્ચિમ પોલીસ પેટ્રોલિંગમાં નીકળી હતી આ દરમિયાન મળેલ બાતમી આધારે પોલીસે નારાયણ પાર્ક સોસાયટી ડુમરાલ રોડ ઉપર રહેતા વિવેક શૈલેષભાઈ પટેલ ની અનાજ કરિયાણાની દુકાનમાં રેડ પાડતા પ્રતિબંધિત સ્મોકિંગ કોન તેમજ સ્ટ્રીપ પેપર નં.૧૯૯ કિંમત રૂ.૧૯૯૦ મળી આવ્યા હતા.

આ ઉપરાંત મહેમદાવાદ પોલીસે ખાત્રજ ચોકડી અમદાવાદ તરફ જવાના રોડ ઉપર દ્વારકાધીશ પાન પાર્લરની તલાસી લેતા સ્મોકિંગ કોન તેમજ રોલિંગ પેપર 11 કિંમત રૂ.165ના મળી આવ્યા હતા. જેથી પોલીસે દુકાનદારની પૂછપરછ કરતા જીગર ભગવાનભાઈ ડાભી રહેવાસી કેસરા નો હોવાનું જણાવ્યું હતું. આ ઉપરાંત ખેડા ટાઉન પોલીસે હરિયાળા સીમ વડાલા પાટીયા નજીક આવેલ પુજા ટી કોર્નરની દુકાન માં તપાસ કરતા સ્મોકિંગ કોન તથા રોલિંગ પેપર 57 કિંમત રૂ.855ના મળી આવ્યા હતા.

આ ઉપરાંત પોલીસે કનેરામાં આવેલ વેલજીભાઈ કલાભાઈ ચુનારાની મેલડી કિરાણા સ્ટોરમાં તપાસ કરતા પેપર કોન નંગ 85 કિંમત રૂ.850ના મળી આવ્યા હતા. આ અંગે જે તે પોલીસે દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### ખેડા જિલ્લા પોલીસ દ્વારા બસ હાઈજેક અંગે મોકડ્રિલ યોજાઇ





ખેડા જિલ્લા પોલીસ હેડક્વાર્ટર ખાતે અમદાવાદ રેન્જ આઈજી વિધીબેન ચૌધરી અને જિલ્લા પોલીસ વડા વિજય પટેલની ઉપસ્થિતિમાં વાર્ષિક ઇન્સ્પેક્શન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પોલીસ દળની કાર્યક્ષમતા અને સજ્જતા ચકાસવા માટે પરેડ, હોર્સ રાઈડિંગ, ડોગ સ્ક્વોડ, વેપન ડ્રીલ, મોબાઈલ ચેકપોસ્ટ અને ડ્રોન વાયરલેસ ડ્રીલ જેવી વિવિધ તાલીમી પ્રવૃત્તિઓનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ એસઓજી અને એલસીબી ટીમો દ્વારા સંયુક્ત રીતે પ્રસ્તુત 'બસ હાઈજેક'ની મોક ડ્રિલ રહી હતી. જેમાં પોલીસે અત્યંત વ્યાવસાયિક અભિગમ સાથે આતંકવાદીઓને ઝડપી પાડ્યા હતા અને મુસાફરોને કોઈ પણ પ્રકારની જાનહાનિ વિના સુરક્ષિત રીતે બચાવી પોતાની વ્યૂહાત્મક શક્તિનું પ્રદર્શન કર્યું હતું. ખેડા પોલીસ બેન્ડના પ્રોત્સાહક સૂરો વચ્ચે યોજાયેલા સફળ નિરીક્ષણના અંતે શ્રેષ્ઠ દેખાવ કરનાર વિવિધ પોલીસ ટીમોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. - **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# આણંદમાં અડધા કરોડની ઠગાઈમાં જામીન નામંજૂર

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદમાં વીઝા કન્સલ્ટીંગનું કામ કરતી વિઝા સીનર્જીના માલિકે 21 જેટલા ગ્રાહકો સાથે રૂ.50.90 લાખની છેતરપિંડી થઇ હતી. આ અંગે આણંદ ટાઉન પોલીસે ધરપકડ કરી હતી. જેમાં જામીન નામંજુર થયાં હતાં.

વડોદરાના દશરથ ગામના અજયભાઈ જયેશભાઈ પટેલ 2025માં સોશિયલ મિડીયા પર જાહેરાત જોઈને આણંદ એવી રોડ પર આવેલ વિઝા સિનર્જી નામની વીઝા કન્સલ્ટીંગની ઓફિસે પહોચ્યા હતા. જ્યાં કેનેડાના વીઝા અને પીઆર મેળવી આપવા માટે રૂ.45 લાખ જેટલો ખર્ચ બતાવ્યો હતો. જેથી અજયભાઈ પ્રથમ 11 લાખ રોકડા 3જી જૂન,2025ના રોજ ચુકવી આપતા વીઝા સીનર્જીના માલિકોઓ ચાર માસમાં કામ પુરૂ કરી આપવાની ખાત્રી આપી હતી. જોકે, થોડા દિવસમાં વીઝા સીનર્જીના માલિકોએ 21 જેટલા લોકો પાસેથી કુલ રૂ.50.90 લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે અજયભાઈએ આણંદ ટાઉન પોલીસમાં દિનેશ મણીભાઈ પટેલ (રહે.કલોલ) સહિત 3 સામે ફરિયાદ આપી હતી. જેમાં પોલીસે દિનેશ પટેલની ધરપકડ કરી સબજેલમાં મોકલી આપ્યો હતો. પરંતુ દિનેશ પટેલે રેગ્યુલર જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી. પરંતુ સરકારી વકિલ એ.એસ. જાડેજાએ દલીલ કરી હતી કે, દિનેશ સામે અમદાવાદ અને ગાંધીનગરમાં પણ આ પ્રકારના ગુના નોંધાયેલા છે. બાકીની રકમ હજુ રિકવર કરવાની બાકી છે. આથી, જામીન નામંજુર કરવા વિનંતી કરી હતી. જે કોર્ટે ગ્રાહ્ય રાખી દિનેશ પટેલના જામીન અરજી નામંજુર કરી હતી.

# બોરસદમાં છેતરપિંડી કેસમાં ગઠિયાને 5 વર્ષની સખ્ત કેદ

**વડોદરાના ગઠિયાએ** વિદેશ મોકલવાના બહાને નાણાં ખંખેર્યા હતા

(પ્રતિનિધિ) આણંદ તા.20

બોરસદના યુવકને વિદેશ મોકલવાના બહાને વડોદરાના ગઠિયાએ રૂ.4.60 લાખની છેતરપિંડી આચરી હતી. આ અંગે કોર્ટે છેતરપિંડી આચરવાના કેસમાં પાંચ વર્ષની કેદ અને દંડ ફટકાર્યો હતો.

બોરસદની નંદનવન સોસાયટી પાસે રહેતા અંકુર સંગાડા અને અન્ય યુવકોએ વર્તમાનપત્રમાં વિદેશ જવા અંગેની આકર્ષક જાહેરાત વાંચી વડોદરાના ચિંતન પ્રભુદાસ પટેલ અને તરુણ પટેલનો સંપર્ક કર્યો હતો. આ બંને શખ્સોએ પૂર્વ આયોજિત કાવતરું રચીને વિદેશમાં નોકરી અને ટિકિટના ખર્ચ પેટે રોકડા તથા ગૂગલ પે દ્વારા કુલ 4.60 લાખ રૂપિયા તેમજ ફરિયાદીઓના અસલ પાસપોર્ટ મેળવી લીધા હતા. જોકે, નવેમ્બર 2023થી જાન્યુઆરી 2024ના સમયગાળા દરમિયાન નાણાં લીધા હોવા છતાં વિદેશ મોકલવાની કોઈ તજવીજ કરી ન હતી. જ્યારે ફરિયાદી અંકુરભાઈ અને અન્યોએ તપાસ કરી ત્યારે તેમને જાણ થઈ કે તેઓ છેતરપિંડીનો ભોગ બન્યા છે. આ મામલે ભોગ બનનાર દ્વારા બોરસદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ વિવિધ કલમ હેઠળ ગુનો નોંધી ચિંતનની ધરપકડ કરી હતી. બાદમાં જરૂરી કાર્યવાહી કરી ચાર્જશીટ કોર્ટમાં રજુ કર્યું હતું.

આ કેસ બોરસદના બીજા એડિશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ ગૌત્તમ સોનારાની દલીલ, 13 સાહેદો અને 2 દસ્તાવેજી પુરાવા ન્યાયધિશે માન્ય રાખી ભારતીય દંડ સંહિતાની કલમ 420 સાથે વાંચતા કલમ 120-બી મુજબ પાંચ વર્ષની સખત કેદ અને રૂ.25 હજારનો દંડ ફટકાર્યો હતો. આ દંડ ન ભરે તો વધુ 2 માસની સખત કેદની સજા ફરમાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેસમાં વડોદરાના ચિંતન ઉપરાંત તરુણ સામે પણ ગુનો નોંધાયો હતો. પરંતુ તે ભાગતો ફરતો છે. જેની ધરપકડ માટે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદમાં ચાર સોથી વધુ પશુઓના આરોગ્યની ચકાસણી કરાઇ

**જીવીકેના ફરતા** પશુ દવાખાના દ્વારા પશુવાઝિયાપણાના ખાસ કેમ્પ યોજાયા

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ જિલ્લામાં પશુની આરોગ્ય સંજીવની જડીબુટ્ટી ગણાતું એવું ફરતું પશુ દવાખાનું જે આણંદ જિલ્લાના 5 તાલુકામા કાર્યરત છે. જેનું મુખ્ય કામગીરી નિયત કરેલા ગામમાં જઈને માલિકીના પશુઓની નિઃશુલ્ક સારવાર કરવાનો હોય છે. દૂધ આપતા પશુઓમાં વાંઝિયાપણુંએ એક જટિલ સમસ્યા છે. આથી જિલ્લા પશુ પાલન વિભાગના માર્ગદર્શન હેઠળ 7 ફરતા પશુ દવાખાનાને કુલ 14 કેમ્પ સોંપવામાં આવ્યા છે.

આણંદમાં વાંઝિયાપણુંના કારણે પશુની દૂધ ઉત્પાદકતા ઉપર અસર થાય છે, જેના કારણે પશુપાલકોને આર્થિક ખૂબ જ નુકસાન જાય છે. દૂધ ઉત્પાદનના કરતા હોય તેવા પશુઓને રાખવા માટેનો નિભાવ ખર્ચ ખૂબ જ વધી જાય છે.

આ કેમ્પનો મુખ્ય ઉદેશ પશુઓમા સામાન્ય રીતે જોવા મળતી સમસ્યા પશુઓમાં પશુનું વાંઝીયાપણું , કુપોષણ અને અપૂરતા મિનરલનો અભાવ, લાંબા ગાળે દૂધાળા પશુના ગર્ભનો અપૂરતો વિકાસ જેના કારણે તે પોતાના બચ્ચાંને જન્મ આપવામાં મુશ્કેલી થવી, વગેરે જેવી સમસ્યાનો નિકાલ થાય તે આશયથી જિલ્લા પશુ-પાલન વિભાગ અને જીવીકે ઈએમઆરઆઈના ફરતા પશુ દવાખાનાના વેટરનરી ડોક્ટર ભેગા મળીને દરેક ગામે જઈને આવી દૂધાળા વર્ગના



દરેક પશુઓ જેને વિયાણમાં સમસ્યા થતી હોય તેના માટે વાંઝીયાપણાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં જીવીકે ઈએમઆરઆઈના ફરતા પશુ દવાખાનાના ડોકટરની ટીમ દ્વારા કુલ મળીને ચાર સોથી વધુ પશુઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી અને વેટર્નરી ડોક્ટર દ્વારા પશુપાલકોને યોગ્ય માર્ગદર્શન અને નિઃશુલ્ક તપાસ પણ કરવામાં આવી હતી. પશુ વિયાણમાં આવે તેના માટેના ખાસ સુચનો ફરતા પશુ દવાખાનાના વેટરનરી ડોક્ટર દ્વારા કેટલાક સૂચનો પણ આપવામાં આવ્યા હતા, જેમાં જે પશુઓ વેતરમાંના આવતા હોય, પશુઓ વેતરમાં આવતા હોય પરંતુ ગાભણના રહેતા હોય, પશુ ખાલી છે કે ગાભણ છે. તેની તપાસ કુપોષણવાળા પશુઓ કે અપૂરતા મિનરલ મિક્ષરનો અભાગ, બહારના તથા અંદરના પરોપજીવીઓ વિગેરે કેસની દવા કરવામાં આવે છે તેમ જ પશુપાલકને તેના વિશે પૂરતું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આણંદ જિલ્લા પંચાયતના માર્ગદર્શન હેઠળ ફરતા પશુ દવાખાનાના એક્સપર્ટ ડોક્ટરો દ્વારા જે કેમ્પ પણ યોજવામાં આવ્યો છે. આ કેમ્પ કર્યા પછી લગભગ કેમ્પમાં આવેલ 70 ટકાથી વધુ પશુઓ ગાભણ થતા જોવા મળ્યાં છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
**જય એન્ટરપ્રાઈઝ**
**કિશોર પ્લાઝા,**
**આણંદ.**

**નડિયાદ**
**ઈશાન ન્યુઝ પેપર એજન્સી**
**સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ**

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
**મો. 99250 30225, મો. 99255 50225**